# જીઓ ફાયબરની લાઈનોના ખોદકામમાં બેદરકારી

## ખોદકામ દરમિયાન વાયરો તૂટી રહ્યા છે જેના કારણે વીજ કરંટ અને લોકોના ઘરમાં ભડાકા થઈ રહ્યા છે : મોટી જાનહાનિ ઘટશે તો કોણ જવાબદાર ?

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં સેક્ટર-૪-બી ખાતે જીઓ ફાયબરની લાઈનો નાંખવાની કામગીરી ચાલી રહી છે. જેમાં એક-એક ફૂટ ઊંડા ખાડાઓ ખોદીને લાઈનો નાંખવામાં આવી રહી છે. ત્યારે વસાહતીઓ દ્વારા ફરિયાદ ઉઠી રહી છે કે ખોદકામના કારણે ઈલેક્ટ્રીક વાયરોમાં ભંગાણ થઈ રહ્યું છે એટલે કે લાઈનો તૂટી રહી છે જેના કારણે વીજ કરંટ ઉત્પન્ન થાય છે અને ભડાકા થઈ રહ્યા છે. કારણ કે લાઈનો નાંખ્યા બાદ પાણીના ટેન્કરો દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવી રહેલ છે જેથી ખોદેલ માટીનું યોગ્ય રીતે પુરાણ થઈ શકે પરંતુ અહીંયા તો કંઈક અલગ જ બનાવ બની રહેલ છે. જેમાં મોટી જાનહાનિ થવાની શક્યતા દેખાઈ રહી છે.



તાજેતરમાં ઠેક-ઠેકાણે જીઓના કનેક્શન માટે લાઈનો નાંખવામાં આવી રહી છે જેમાં ખોદકામ કરીને લાઈનો નાંખવામાં આવે છે પરંતુ આ લોકોની કામગીરીમાં સંપૂર્ણ બેદરકારી છતી થઈ છે. ઈલેક્ટ્રીક વાયરો તૂટવાના કારણે વીજકરંટ પ્રસરી રહ્યો છે ઘણી જગ્યાએ આગ લાગવાની ઘટના બની છે. જેમાં આસપાસના રહેવાસીઓ મુશ્કેલીનો સામનો કરવા મજબૂર બન્યા છે.

### ટોરેન્ટ પાવરમાં ફરિયાદ કરવાની માંગ ઉઠી

ખોદકામને કારણે તૂટેલી લાઈનો કોઈ ગંભીર જાનહાનિ ન પહોંચાડે તે માટે અવશ્ય ટોરેન્ટ પાવરમાં જવાબદાર અધિકારીને આ અંગે ફરિયાદ કરવી જોઈએ પરંતુ હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી તેવુ ટોરન્ટ પાવરના અધિકારીનું કહેવુ છે. સેક્ટરોમાં આ રીતે કામગીરી કરવા બાબતે લોકોમાં રોષ ઉભો થયો છે સાથે જ ભય પણ ફેલાયો છે. ટોરેન્ટ પાવરમાં ફરિયાદ કરવાથી જવાબદાર અધિકારીઓ તુરંત જ આ સમસ્યાનું નિવારણ લાવી શકે છે. જેનાથી મોટી જાનહાનિ અટકી શકે છે. અથવા તો કામગીરી દરમિયાન અગાઉથી પાવર બંધ કરવા જાણ કરી શકે છે. આ ઈલેક્ટ્રીક વાયરો મોટી જાનહાનિ પહોંચાડી શકે છે જેથી આ લાઈનો નાંખતી વખતે બેદરકારીભર્યુ વલણ યોગ્ય નથી.

### જીઓ નેટવર્કની લાઈનો મોટી હાનિ પહોંચાડશે તો જવાબદાર કોણ ?

શહેરમાં ચાલી રહેલ જીઓ નેટવર્કની લાઈનોના ખોદકામોમાં ઈલેક્ટ્રીક વાયરો કેક થવાના કારણે લોકોના ઘરમાં ભડાકા અને વીજ કરંટ લાગવાની ઘટનાઓ બની રહી છે તેમ છતાં કોઈ કડક પગલાં લેવાઈ રહ્યા નથી. આ ઈલેક્ટ્રીક વાયરોના કારણે જો કોઈ મોટી જાનહાનિ બનશે તો કોણ જવાબદાર રહેશે તેમ સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યા છે.

# RTEમાં પ્રવેશ માટે સોમવારથી ફોર્મ ભરાવાની શરૂઆત

## સર્વર ડાઉન રહેતુ હોવાથી ત્રણ લિંકની સુવિધા અપાઈ

ગાંધીનગર, તા. ૧૦

RTE (રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ માટે ફોર્મ ભરાવાની શરૂઆત થઈ ગઈ છે. ૧૦ એપ્રિલથી શરૂ થયેલ પ્રક્રિયા ૨૨ એપ્રિલે પૂર્ણ થશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૨ એપ્રિલ છે. આ માટે વાલીઓએ વિવિધ પુરાવા અપલોડ કરવાની જરૂરિયાત રહે છે.

ઓનલાઈન ફોર્મ ભરતી વખતે સર્વર વારંવાર ડાઉન થતા રહે છે. તેને ધ્યાનમાં રાખીને RTEના ફોર્મ ભરવા વાલીઓને ત્રણ લિંકની સુવિધા અપાઈ છે. જેથી વાલીઓ કોઈપણ લિંક દ્વારા ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. સર્વરમાં વારંવાર થતી અસુવિધાને કારણે ત્રણ લિંકની સુવિધા લાભદાયક છે.૧૦ એપ્રિલ એટલે કે સોમવારથી RTE હેઠળ ધોરણ ૧ માટે ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરાવાની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. રાજ્યની ૯૮૫૬ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. વાલીઓએ ઓનલાઈન ફોર્મમાં કેટલાક પુરાવા રજૂ કરવાના રહેશે. પુરાવારૂપે જાતિનો દાખલો, રહેઠાણનો પુરાવો, જન્મનું પ્રમાણપત્ર, માન્ય આવકનો દાખલો, ઈન્કમટેક્સ રિટર્ન, ઈન્કમટેક્સ રિટર્ન ન હોય તો આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનુ ડિકલેરેશન આપવાનુ રહેશે.

ઓનલાઈન ફોર્મ ૨૨ એપ્રિલ સુધી ભરી શકાશે. ૨૩ એપ્રિલે ફોર્મની ચકાસણી કરવામાં આવશે. વાલીઓએ અસલ પુરાવા અપલોડ કરવાના રહેશે. પુરાવાની નકલ, ઝાંખા કે ન વંચાય તેવા પુરાવા રજૂ કરી શકાશે નહિ. જો ન વંચાય તેવા પુરાવા રજૂ થયા તો અરજી રદ કરવામાં આવશે. ઉપરાંત બે પેજના દસ્તાવેજ પીડીએફ સ્વરૂપે અપલોડ કરવાના રહેશે. અમાન્ય ફોર્મને સુધારવા માટે ૨૫ એપ્રિલથી ૨૭ એપ્રિલ સુધી તક આપવામાં આવશે.



સ્વ.રવીન્દ્રભાઈ દવે સ્મરણાંજલિ કાર્યક્રમ ગૂજરાત વિદ્યાપીઠ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે યોજાયેલ. આ કાર્યક્રમમાં ડૉ.હર્ષદભાઈ પટેલ ( કુલપતિ, IITE), ડૉ.ભરત જોશી (કાર્યકારી કુલનાયક, ગુજરાત વિદ્યાપીઠ), ડૉ. અશોક પટેલ, ડૉ. ટી.એસ.જોષી( પૂર્વ નિયામક,GCERT), મંદાબેન પરીખ, ડૉ.દિપુબા દેવડા (આચાર્ય શિક્ષણ મહાવિદ્યાલય, ગુ.વિ.), ડૉ. વિનુ ભાઈ પટેલ (પૂર્વ, આરોગ્ય કમિશ્નર), ડૉ. આરતીબેન કસ્વેકર, ડૉ. કોકિલાબેન પારેખ, ડૉ. ડાહ્યાભાઈ પટેલ કિરીટભાઈ જોષી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રગતિશીલ શિક્ષણના તંત્રી ડૉ. અનિલ પટેલ અને સહતંત્રી વિનાયક ધોત્રે પણ ઉપસ્થિત રહ્યા હતા અને રવીન્દ્ર દવેને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. પ્રગતિશીલ શિક્ષણ સામયિકનો આગામી અંક રવીન્દ્ર દવે સાહેબને સ્મરણાંજલિ સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવશે.

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં વાર્ષિક શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ સેક્ટર-૨૩,ગાંધીનગરની કોલેજોમાંપ્રો.વીણાબેન પટેલના સંયોજકપદ હેઠળ તા.૦૬ એપ્રિલ ના રોજ શુભેચ્છા સમારંભ યોજાયો હતો. શુભેચ્છા સમારંભના આરંભે મહેમાનઓનું સ્વાગત કર્યા પછી ડૉ.જિજ્ઞાસાબેન જોશીએ સંસ્થા પરિચય આપી ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની બંને કોલેજોમાં થયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓની માહિતી આપીહતી.ત્યારબાદ વર્ષભરની શૈક્ષણિક સફરના ચિતાર સમા દર્પણ અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું.કોલેજની તાલીમાર્થીનીઓ હિમાની જાડેજા અને અંસિતા શ્રીવાસ્તવે પોતાના પ્રતિભાવો આપ્યાહતા.ચાલુ વર્ષે કોલેજમાંથી તેમજ ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાંથી પીએચ.ડી.ની ડિગ્રીમેળવનાર ડૉ.અજય રાવલ, ડૉ.પ્રતિભા દિક્ષિત, ડૉ.નંદ કિશોર પીમ્પલકર, ડૉ.વિષ્ણુભાઈ પટેલને પારિતોષિત કર્યા હતા. વર્ષ



૨૦૧૭-૧૯ તેમજ ૨૦-૨૨ દરમ્યાન કૉલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર તેમજ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ તેમજ મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન પ્રો.ડૉ.શ્રુતિબેન આણેરાવે ઓફ લાઈન અને ઓન લાઈન શિક્ષણ, રીસર્ચનું મહત્વ,સ્કીલ ડેવલપમેન્ટ, નેશનલ એજ્યુકેશન પોલીસી વિગેરે વિશે માહિતી આપી હતી. શુભેચ્છા સમારંભમાં ખાસ ઉપસ્થિત રહેલા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભ ભાઈ એમ. પટેલએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ૧૦૦ વર્ષથી સમાજની અંદર શ્રેષ્ઠ શિક્ષણનું નિર્માણ કરી સમાજનું ઘડતર કરે છે,તેમ જણાવી શિક્ષકની કલાસરૂમમાં શીખવવાની ભાષા કેવી હોવી જોઈએ તેનાથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓપણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કર્યું હતું. કાર્યક્રમનેઅંતે ડૉ.કુસુમબેન યાદવે સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનુંસંચાલન ડૉ.અજયભાઈ રાવલ, ચૌધરી રોશની તેમજ વિરાજબા ઝાલાએ કર્યુંહતુ.

# પોલીસ લોકદરબારમાં જ્યોતિ મહિલા મંડળ દ્વારા ઠોસ રજૂઆતો કરાઈ

## સેક્ટર ૨૧ શાકમાર્કેટમાં સાદા ડ્રેસમાં મહિલા પોલીસ ગોઠવવાની માંગ : શહેરમાં વધતી જતી ચોરી, દારૂનું સેવન, કેફી પીણાની બદી અટકાવવા પુનઃ રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

તાજેતરમાં સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં યોજાયેલ પોલીસ લોકદરબારમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતના બુચ દ્વારા મહિલાઓને કનડગત બાબતે ઠોસ રજૂઆત કરવામાં આવી હતી. સેક્ટર-૨૧ શાકમાર્કેટ વિસ્તારમાં મહિલા ઓની સેફટી મામલે સાદા ડ્રેસમાં મહિલા પોલીસ ગોઠવવાની જ્યોતિ મહિલા મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. આ સાથે જ શહેરમાં વધતી જતી ચોરીની ઘટનાઓ, દારૂ તથા કેફી પીણાની બદી અટકાવવા પણ લોકદરબારમાં રજૂઆત કરી હતી. તાજેતરમાં ગાંધીનગર સેક્ટર-૨૧ પોલીસમથકમાં લોકદરબારનુ આયોજન કર્યુહતુ. જેમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ચેતના બુચ, શહેર વસાહત મંડળના પ્રમુખ અરણ બુચ, દર્પણ બુચ સહિત ઉપસ્થિત લોકોએ પી.આઈ.ની ગેરહાજરી હોવા છતાં પી.એસ.આઈ. પ્રીયદર્શી તથા અતુલભાઈ પરીખ સમક્ષ રજૂઆત કરી શાકમાર્કેટમાં તથા સે. ૨૧માં બહેનોને થતી કનડગત બાબતે સાદા ડ્રેસમાં મહિલા પોલીસ તહેનાત કરવાની માંગ કરી હતી. પી.એસ.આઈ. પ્રીયદર્શીએ તમામની નોંધ કરી ઘટતુ તુરંત કરવા ખાત્રી આપી હતી તથા લાગતાવળગતાને પત્રો દ્વારા પણ જાણ કરવામાંઆવશે તેવી ખાતરી આપી હતી. ઉલ્લેખનીય છે કે અગાઉ યોજાયેલા લોકદરબારમાં પણ શહેરમાં વધતી જતી ચોરીની ઘટનીઓ અંગે આગેવાનો દ્વારા ચિંતા વ્યક્ત કરાઈ હતી.

# આકાશ ડાન્સ ઝોન ક્લાસની ટીમ 'ડાન્સ કા પાવર' શો માં ટોપ-૧૦માં પસંદગી પામી



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની જાણીતી નૃત્ય તાલીમ સંસ્થા આકાશ ડાન્સ ઝોનના કોરીયોગ્રાફર આકાશ શર્મા પાસેથી તાલીમ લીધેલ બાળકો સ્વરા, જુગ, હીર, પ્રાંશી, યાન, શ્રીયાબાની ટીમ ૯ એક્સ એમ પર પ્રસારિત થનાર શો 'ડાન્સ કા પાવરમાં ટોપ-૧૦માં પસંદગી પામેલ છે. આ શો માં માસ્ટર મર્જી જજ તરીકે સેવા આપનાર છે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# ઉવારસદ ખાતે કુપોષિત સગર્ભા મહિલાઓને કીટનું વિતરણ કરાયું

## આગામી વર્ષે યોજનારા સ્વામિનારાયણ મંદિરના રજત શતાબ્દી મહોત્સવને અનુલક્ષીને મહિલાના આરોગ્ય ચેકઅપ સાથે ગોળ, મગ અને ચણાની કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ગામે સ્થિત શ્રી નરનારાયણ દેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરની સ્થાપનાને આગામી વર્ષે ૧૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ પ્રસંગે આગામી વર્ષ ૨૦૨૪માં તા.૧૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન રજત શતાબ્દી મહોત્સવની ઉજવણીનું કરવામાં આવ્યું છે. આ મહોત્સવના ઉપલક્ષે સંપ્રદાયના આચાર્ય મહારાજ પૂ. કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા સમગ્ર ધર્મકુળના આજ્ઞા અને આશી વાંદથી આ રજત શતાબ્દી મહોત્સવના ઉપલક્ષે ઉવારસદ ગામની કુપોષણ ધરાવતી સગર્ભા બહેનોને ગોળ, મગ અને ચણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉવારસદ ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના આગામી રજત શતાબ્દી મહોત્સવને અનુલક્ષીને ગામની કુપોષિત સગર્ભા મહિલાઓના લાભાર્થે યોજવામાં આવેલા કીટ વિતરણ કાર્યક્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.સરોજની ચૌધરીની રાહબરી અને ચકાસણી સાથે ગામના સ્વામિનારાયણ મંદિરના કોઠારી જયેશભાઈ મોતીભાઈ પટેલ તથા હરિભક્તો દ્વારા આ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સમગ્ર ટીમ દ્વારા પ્રા.આ.કેન્દ્રમાં આવેલી સમગ્ર સગર્ભા માતાઓની વજન, ઊંચાઈ, બીપી, બ્લડ રિપોર્ટ જેવી જનરલ તપાસ નિષ્ણાંત તબીબો દ્વારા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રજત શતાબ્દી મહોત્સવ અનુસંધાને સતત અન્ય વિવિધ સેવાના કાર્યક્રમો કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# સરકારી ગ્રાન્ટ ફાળવણીની અન્યાયી નીતિને પગલે કલાકારોમાં રોષ

## ગુજરાત સંગીત નાટક અકાદમી અને યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની ગ્રાન્ટ ફાળવણીમાં ભ્રષ્ટ રીતરસમો અપનાવાતી હોવાનો "અમે ગુજરાતી કલાકાર મહાસંઘ"નો આક્ષેપ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત સંગીત નાટક અકાદમી અને યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગમાંથી સરકારી ગ્રાન્ટની ફાળવણીમાં વ્હાલાં દવલાંની નીતિ અપનાવાઈ રહી હોવાનું અને આ બંને વિભાગની સરકારી ગ્રાન્ટ ગુજરાતના કલાહિતમાં વપરાવાને બદલે ભ્રષ્ટ રીતરસમોથી ફાળવાતી હોવાથી કલાકારોનું શોષણ થઈ રહ્યું હોવાની રાવ ઉઠવા પામી છે. કલાક્ષેત્રના આ બંન્ને સરકારી વિભાગોનીને સંસ્થામાં "જીસકી લાઠી ઉસકી ભેંસ"ની જેમ કાર્યવાહી ચાલતી હોવાના આક્ષેપ સાથે "અમે ગુજરાતી કલાકાર મહાસંઘ" દ્વારા ગ્રાન્ટ ફાળવણીની અન્યાયી નીતિ સામે બાંયો ચઢાવવામાં આવી છે જે ઘટના મુખ્યમંત્રી કાર્યાલયથી છેક દિલ્હી સુધી પંહોચવા પામી છે.

ગુજરાતી કલાકારોનો મહામંચ "અમે ગુજરાતી કલાકાર મહાસંઘ" એ ગુજરાતનો એકમાત્ર સર્વપ્રથમ રજીસ્ટડ સુચિત મહાસંઘ છે કે જેનુ સર્જન કલાકારોની ચિંતા કરવાના હેતુસર જન્મ થયો છે. સંસ્થાના પ્રમુખ, સંઘના ગુજરાતી પ્રમુખ અને પ્રસિદ્ધ તપ્નાના કલાકાર, લેખક દિગ્દર્શક સિને કલાકાર હિમાંશુ ભચેચના જણાવ્યાં અનુસાર "ભારતમાં મુંબઈ, ઉત્તરપ્રદેશ સહિત ભારતભરમાં રજીસ્ટર્ડ માન્ય સંઘો કાર્યરત છે, પણ એકમાત્ર ગુજરાતમાં આજદિન સુધી માન્ય કલાકાર મહાસંઘનું અસ્તિત્વ નહોતું ! ગુજરાતમાં સૌપ્રથમવાર કલાકાર મહાસંઘની કલાકાર હિતમાં તા.૨૭ માર્ચ ૨૦૨૨ના રોજ સ્થાપના થઈ હતી. આ રજીસ્ટર્ડ માન્ય સંસ્થાનો હેતુ સર્વગ્રાહી કલાહિત સાથે કલાકારોને વધુ વેતન, વધુ કામ અને તમામ પ્રકારના કલાકારોની સમસ્યાઓ ઉકેલવાનો નમ્ર સંનિષ્ઠ પ્રયાસ છે. ગુજરાતમા તમામ પ્રકારની કલાનો વિકાસ તો થયો છે પરંતુ ગુજરાતી કલાકારોનો વિકાસ આજદિન સુધી નથી થયો. ગુજરાત સંગીત નાટક અકાદમી અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગનું અસ્તિત્વ તો છે પણ કલાકારોની સમસ્યાઓનું કોઈ રણીધણી નથી. ગુજરાત સરકારના આ બંન્ને સરકારી કલા ક્ષેત્રના વિભાગોમાં આજદિન સુધી સરકારી ગ્રાન્ટ સર્વગ્રાહી ગુજરાતના કલાહિતમાં ક્યારેય વપરાઈ નથી, તેમાં માત્રને માત્ર ભ્રષ્ટ રીતરસમોથી કલાકારોનું શોષણ ચાલી રહ્યું છે. નિયમોનુસાર સરકારી ગ્રાન્ટોનો લાભ સર્વગ્રાહી તમામ અરજદારો માટે થવો જોઈએ તેની જગ્યાએ કલાક્ષેત્રના આ બંન્ને સરકારી વિભાગોનીને સંસ્થામાં "જીસકી લાઠી ઉસકી ભેંસ"ની જેમ કાર્યવાહી ચાલી રહી છે જે ભારે દુઃખદ વાત છે. "અમે ગુજરાતી કલાકાર મહાસંઘ"ના ટ્રસ્ટીની વાત કરીએ તો સંસ્થાના ઉપપ્રમુખ પદે પ્રસિદ્ધ બાળસાહિત્યના ભિષ્મ પિતામહ લેખક દિગ્દર્શક ભાર્ગવ જીવરામ જોષી ઉપરાંત મહામંત્રી તરીકે પ્રસિદ્ધ નેશનલ એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર અને પ્રોડક્શન ડીઝાઈનર ફાલ્ગુન ઠાકોર, આઈ.સી.સી.આર. ગુજરાત મેમ્બર અને સુચિત ટ્રાઈબલ સંસ્થાના નિયામક હેમંત મીનામા, સહમંત્રી તરીકે પ્રસિદ્ધ દિગ્દર્શક અને એન.એસ.ડી. રેપેટટરી પાસઆઉટ કલાકાર બિમલ પાટીલ, ટ્રાઈબલ કલા સંસ્થાઓ સાથે જોડાયેલા સામાજીક આગેવાન અમીતકુમાર, ખજાનચી તરીકે ગુજરાત નાયક સમાજના પૂર્વ આગેવાન રીતેશ નાયક, જ્યારે ટ્રસ્ટી તરીકે પ્રસિદ્ધ સિનિયર મેકઅપ આર્ટીસ્ટ હસમુખ શ્રીમાળી અને પ્રસિદ્ધ અભિનેત્રી લેખક દિગ્દર્શિકા ધરતી વાઘેલા જોડાયેલાં છે.

### ગ્રાન્ટ ફાળવણીની વાત ગાંધીનગરથી દિલ્હી સુધી પંહોચી..!!

તાજેતરમાં ગુજરાત સંગીત નાટક અકાદમીની ગ્રાન્ટ ફાળવણી અંગે કલાકારોમાં કચવાટનો સૂર ઉભો થવા પામ્યો હતો. આ અંગે સંસ્થાના પ્રમુખ હિમાંશુ ભચેચના જણાવ્યાં અનુસાર "તાજેતરમાં જ સંસ્થાના ઉદઘાટન પૂર્વે ગુજરાત સંગીત નાટક અકાદમીના ઉચ્ચ અધિકારી અને સરકારી કર્મી દ્વારા "કાગવાણી"નો કાર્યક્રમ અને અન્ય કાર્યક્રમો અન્ય અરજદારોને બાજુએ મૂકી પોતાના મળતીયાઓને બારોબાર ગ્રાન્ટ ફાળવી દેવાનો કારસો રચાતા ગુજરાતના કલાકારોમાં રોષની લાગણીને ઉહાપોહ થયો હતો. આ બાબતે રજૂઆત આવતાં કલાકાર મહાસંઘે તે અંગે તેમજ કલાકારોની અન્ય સમસ્યાઓ અંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સાસંદ અમિતભાઈ શાહ તથા ભાજપના પ્રદેશપ્રમુખ સી.આર. પાટીલને રજુઆત કરતાં મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યાં છે જેનો પડઘો ગુજરાતથી દિલ્હી સુધી પડ્યો છે."